# ગાંધીધામમાં ફોકિયા દ્વારા ઔદ્યોગિક અકસ્માત નિવારવા સેમિનાર યોજાયો





ગાંધીધામ : ગાંધીધામ ખાતે ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીસ એસોસીએશન અને ડિરેક્ટર ઈન્ડસ્ટ્રીયલ સેફટી હેન્ડ હેલ્થ દ્વારા "Government policy update on industrial accidents prevention" પર સેમીનાર યોજાયો હતો, જેમાં મુખ્ય વક્તા તરીકે પી. એમ. શાહ, ડિરેક્ટર ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ - ગવર્નમેન્ટ ઓફ ગુજરાત રહ્યા હતા. તેમણે ઔદ્યોગિક અકસ્માતો નિવારવા બાબતે ઉપયોગી માર્ગદર્શન ન આપ્યું હતું. ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ - કચ્છના ડેપ્યુટી ડિરેક્ટર બી.વી. ભારથી પણ ઉપસ્થિત રહ્યા હતા.

ફોકિયાના એમડી નિમિષ ફડકેએ મેમેન્ટો આપીને પી. એમ. શાહનું સ્વાગત કર્યું હતું. ફોકિયાના ડિરેક્ટર્સ તલકશીભાઈ નંઢુ, શરદભાઈ ભાટીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

સેમીનારમાં વિવિધ ઉદ્યોગોના મેનેજિંગ ડિરેક્ટર, ડિરેક્ટર, વાઈસ પ્રેસિડેન્ટ, વ્યવસાયિક આરોગ્ય અને સલામતી સમિતિના સભ્યો, એચએસઈ વિભાગના વડા, ચીફ મેડીકલ ઓફિસર્સ, એચઆર હેડ, વ્યવસાયિક સલામતી મેનેજર્સ, મુખ્ય કારોબારી અધિકારીકક્ષાના વ્યવસાયિક અધિકારીઓ અને અન્ય રસ ધરાવતા સભ્યો ભાગ લીધો હતો, જેમાં વેલસ્પન, અદાની વિલ્માર, આશાપુરા, ઓપીજીએસ પાવર, એગ્રોસેલ, ગેલન્ટ સ્ટીલ, બંગે, ઈલેક્ટ્રોથર્મ, પારલે, સુમીટોમો, એન્કર હેલ્થ એન્ડ બ્યુટી, ફીલીપ્સ કાર્બન, હિન્દુસ્તાન યુનિલીવર, ઈફકો, આઈઓસી, જિંદાલ સો, ૨૦ માઈક્રોન્સ, સાંઘી સિમેન્ટ, બ્રિટાનીયા, શ્રીયામ પાવર, ગોકુલ એગ્રો, પેનેસોનીક લાઈફ સોલ્યુશન, સુમીલોન, એશિયન બોક્ષ, રુદ્રાક્ષ, સત્યેશ બ્રાઈન કેમ, એવરેસ્ટ કાંટોના પ્રતિનિધિઓ સહિત ૩૦૦થી વધારે લોકો હાજર રહ્યા હતા.

સેમીનારમાં આવકાર પ્રવચન બી.વી. ભારથીએ અને આભારવિધિ તલકશીભાઈ નંઢુએ કરી હતી. સંચાલન કુંજન જોષીએ કર્યું હતું. રાધિકા ઠક્કર, કમલેશ દેવરિયા, જીગર મકવાણા, મનીષ લોંચા અને ભરત બારોટે સેમીનારની વ્યવસ્થા સંભાળી હતી.

Scanned by CamScanner